# સરકારી ઓફિસોમાં હાજરી માટે લગાવેલા ફીંગર મશીન શોભાના ગાંઠીયા સમાન

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં સરકારી ઓફીસોમાં કર્મચારીઓની હાજરી પર દેખરેખ રાખવા જી.ઈ.બી.ની ઓફીસમાં આ મશીન ધુળખાતા નજરે પડયા હતા. આ મશીનો સરકાર દ્વારા લગાવામાં તો આવ્યા પરંતુ અધિકારીઓની મીલીભગતના કારણે


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

માટે લગાવેલ ફિંગર મશીન શોભાના ગાંઠીયા સમાન બની રહયા છે. આ મશીનો તંત્રની બેદરકારના કારણે હાલ ધુળ ખાઈ રહયા છે.

સમગ્ર ગુજરાત રાજયમાં સરકાર દ્વારા લાખો રૂપીયાનો ધુમાડો કરી કર્મચારીઓ ગુલ્લી ના મારે અને સમયસર ફરજ પર હાજર રહે તે માટે હાજરી માટે ફીગર મશીન લગાવામાં આવ્યા હતા. પરંતુ મોડાસાની અથવા તો બેદરકારીના કારણે આ મશીનો ધુળ ખાઈ રહયા છે. આ મશીનો પાછળ સરકાર દ્વારા ઓનલાઈન નજર રાખી શકાય તે હેતુથી લાખો અને કરોડોના ખર્ચે લગાવામાં આવ્યા છે પરંતુ આ મશીનો મનફાવે તેમ ધુળ ખાતા હોઈ કર્મચારીઓ મનફાવે તેમ આવે અને જાય છે. જાણે કે રાજા રામ અને પ્રજા સુખી હોય તેવુ આ ગુજરાતના વિકાસ મોડેલમાં દેખાઈ રહયુ છે.

# પ્રાંતિજમાં ગતિશીલ કાર્યક્રમ અંતર્ગત અધિકારીઓની ટીમ ગામડાઓની મુલાકાતે

પ્રાંતિજ, તા. ૨૨

ગતિશીલ ગુજાત કાર્યક્રમ અંતર્ગત પ્રાંતિજ તાલુકાના ગામડાઓમાં અધિકારીઓની ટીમો જાત માહિતી મેળવતા વહીવટી કામોમાં ગતિશીલતા આવવા માંડી છે. પરિણામે રહિશોએ ખુશી વ્યક્ત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત સરકાર આયોજીત ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા કલેકટર બંછાનિધિપાનીના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ તાલુકાના ગામડાઓમાં અધિકારીઓની ટીમ પહોંચવા માંડી છે. અને ગામડાના પાયાના પ્રશ્નો મેળવી રહ્યા છે. તેમજ આંગણવાડી, પંચાયતની પણ મુલાકાત લઈ રહ્યા છે અને રજે-રેજની માહિતી મેળવી રહ્યા છે. આજે ટીમે રાદરડાની મુલાકાત લીધી હતી પરિણામે ગ્રામજનોએ પણ ખુશી વ્યક્ત કરી હતી.

# મોડાસામાં લીલા શાકભાજીના ભાવ આસમાને

## ગરીબો માટે લીલા શાકભાજી મૃગજળ સમાન બની રહ્યા છે

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં શાકભાજીના ભાવો આસમાને આંબતા ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. અને ઘરની થાળીમાંથી લીલા શાકભાજી અદૃશ્ય થઈ રહ્યા છે. શાકભાજીના ભાવોમાં ૧૦૦ થી ૨૦૦ ટકાનો ભાવ વધારો ઝીંકાતા ગરીબો માટે તો લીલા શાકભાજી જાણે મૃગજળ જેવા બની રહ્યા છે.


(તસવીર : જય અમીન મોડાસા)

મોડાસામાં શાકભાજીના ભાવોમાં ધરખમ વધારો થવા પામ્યો છે. તમામ શાકભાજી ખરીદવા ગ્રાહકો માટે મુશ્કેલ બન્યા છે. શાકભાજીના ભાવોમાં ટામેટા વધારે લાલ થઈ ગયા હોય તેમ ૧૦૦ રૂપિયા કિલો સુધી પહોંચ્યા છે. જેના લીધે ટામેટા બજારમાંથી પણ અદૃશ્ય થઈ ગયા છે જ્યારે જે વેપારી પાસે ટામેટાનો જથ્થો છે તે મનફાવે તે ભાવે બિન્દાસપણે ટામેટા વેચી રહ્યા છે અને ગૃહિણીઓને લૂંટી રહ્યા છે. શાકભાજીના ભાવ વધારાના કારણે શાકભાજી વેચતા વેપારીઓ તેમજ લારી ફેરીયાઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. શાકભાજી મોંઘી થવાના કારણે જનતા તેના ખીસ્સામાં બજેટનો વધારો ન કરતા ખરીદી જ ન કરવાનું મન બનાવી રહ્યા છે. શાકભાજી વેચતા વેપારીઓ અને આમ જનતા અસહ્ય ભાવ વધારાના કારણે એક જ શબ્દ ઉચ્ચારી રહ્યા છે. 'હાય રે મોંઘવારી' તથા બીજી બાજુ ડુંગળી-બટાકાના ભાવ વધતા ગરીબો તો ભુખે રહેવાનું તો નહી આવે ને એવો અહેસાસ કરતા થઈ ગયા છે. શાકભાજીની સાથે કઠોળના પણ ભાવ વધતા આમ જનતા તો એક જ અવાજે કહે છે કે 'જાયે તો કહા જાયે ઔર ખાયે તો ક્યા ખાયે.'

# ધનસુરામાં બે વર્ષ અગાઉ થયેલ હત્યા સંદર્ભે એક શખ્સની અટકાયત

## તપાસ સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગરને સોંપાતા કાર્યવાહી તેજ બની

ધનસુરા, તા. ૨૨

ધનસુરા તાલુકાના બુટાલ ગામની સીમમાં બે વર્ષ અગાઉ એન.ડી. કન્સ્ટ્રકશનના સાઈટ સુપરવાઈઝરનો મૃતદેહ ગટરમાંથી મળી આવ્યો હતો. જેની તપાસ ધનસુરા પોલીસ અને હિંમતનગર એલ.સી.બી.ને સોંપાઈ હતી. પરંતુ કોઈ ભેદ ન ખુલતા આ તપાસ ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવામાં આવી હતી. સી.આઈ.ડી. ક્રાઈમે આજે આ પ્રકરણમાં બે વર્ષના લાંબા સમય બાદ એક શખ્સની અટકાયત કરી સઘન પુછપરછ હાથ ધરી છે. ટુંક જ સમયમાં આ મોત પ્રકરણ પરથી પડધો ઉઠી જશે તેવું જણાઈ રહ્યું છે.

ધનસુરા-વડાગામ માર્ગ પર બે કી.મી. દૂર આવેલ બુટાલ ગામની સીમમાં બે વર્ષ અગાઉ એક શખ્સનો હત્યા કરાયેલ મૃતદેહ ગટરમાં પડ્યો હોવાનું બુટાલ ગામના મોહનભાઈ નાડીયા માલુમ પડ્યું હતુ જેના આધારે ધનસુરા પોલીસે મૃતદેહનો કબજો મેળવી મૃતકની ઓળખવિધિ હાથ



ધરી હતી. જેમાં ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામનો ૩૨ વર્ષીય અલ્પેશ ભીખાભાઈ પટેલ હોવાનું બહાર આવ્યું હતું.

ધનસુરા નજીક ખડોલ ખરાબાથી વૃજપુરા રોડની સાઈટ પર ફરજ બજાવતા સુપરવાઈઝર અલ્પેશ પટેલ ગત ૨૬-૬-૨૦૧૨ના રોજ સાઈટ ઉપરથી કામકાજ ખતમ કરી પોતાની કાર લઈ ઘરે જઈ રહ્યા હતા અને તે દિવસથી રાત્રે ગુમ થઈ ગયા છે. ત્રણ દિવસ વિતી ગયા છતાં કોઈ ભાળ ના મળતા પરિવારજનો પોલીસ ફરિયાદ કરી હતી. જેના આધારે પોલીસે શોધખોળ કરતા મૃત યુવકનો મૃતદેહ ગટરમાંથી મળી આવ્યો હતો. ધનસુરા પોલીસે આ હત્યા અંગે તપાસમાં ઢીલાસ દાખવતા પરિવાજનોની માંગ બાદ આ કેસની તપાસ ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવામાં આવી હતી. જેમાં બે વર્ષના લાંબા ગાળા બાદ સી.આઈ.ડી. ક્રાઈમને થોડી સફળતા મળી હતી. આ મામલે આજે સી.આઈ.ડી. ક્રાઈમે એક શખ્સની અટકાયત કરી પુછપરછ કરી હતી અને હત્યા પાછળની અનેક કડીઓ મેળવવાની કોશિશ કરી રહી છે. લાંબા સમય બાદ આ હત્યા પ્રકરણમાં પરિવારજનોને આશાનું એક કિરણ દેખાઈ રહ્યું છે. ટુંક જ સમયમાં આ સમગ્ર પ્રકરણ પરથી પડદો ઉઠી જશે.


(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

આઈ. કિસાન પોટલ યોજના અંતર્ગત ગુજરાતભરમાં રિસર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે ખેડબ્રહ્મા નજીકના દામાવાસકંપા ખાતે નાયબ કલેકટર પ્રજાપતિ તથા મામલતદાર મોદીની ઉપસ્થિતિમાં ખેડૂતોના વારસાઈના પ્રશ્નો, કીટ વિતરણ અને ફોરેસ્ટને લગતા પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી.

# ચિબોડા-ખુમાપુર હાઈસ્કુલમાં તસ્કરો ત્રાટક્યા

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ચિબોડા-ખુમાપુર શ્રીમતી ભાનુમતીબેન જગુભાઈ તન્ના ગૃપ વિદ્યાલય, હાઈસ્કુલમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.રૂા.૧૪,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ શ્રીમતી ભાનુમતી જગુભાઈ તન્ના ગૃપ વિદ્યાલય,ચિબોડા-ખુમાપુરના સ્ટાફરૂમ અને અને કોમ્પ્યુટર રૂમના તાળા તોડી તસ્કરોએ રૂમની અંદર પ્રવેશ કરી તોડફોડ કરી નાખી હતી ત્યાર બાદ સેમસંગ કંપનીના સાત મોનીટર ચોરી કરી હતી. જેની અંદાજીત કિંમત રૂા.૧૪,૦૦૦/- હોવાનું પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ચિબોડા-ખુમાપુર ગામના નિરેશભાઈ ડાહ્યાભાઈ પટેલ,શ્રીમતી ભાનુમતીબેન જગુભાઈ તન્ના ગૃપ વિદ્યાલય, હાઈસ્કુલ આચાર્યએ ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ધનસુરા ચાર રસ્તાને નો પાર્કિંગ ઝોન જાહેર કરવા માંગ

ધનસુરા, તા. ૨૨

ધનસુરા ચાર રસ્તા સવાર સાંજ ટ્રાફિકથી ધમધમે છે. દરરોજ અસંખ્ય વાહનોની અવરજવર રહે છે. ધનસુરા ચાર રસ્તા પર માર્ગની બન્ને તરફ શટલીયા વાહન ચાલકો અને અન્ય ખાનગી ટ્રક વાહનચાલકો મુસાફરો ભરવા વાહનો ઉભા રાખી ટ્રાફિક કરે છે જેથી સ્થાનિક પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે અને ચાર રસ્તાને નો પાર્કિંગ ઝોન જાહેર કરવા ઉગ્ર માંગ કરી છે.

# ડીસામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં મહિલા સંમેલન યોજાશે

## સંમેલન સંદર્ભે પાલનપુરમાં ક્લેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૨

આગામી તા.૨૮ જુલાઈ, સોમવારના રોજ ડીસા મુકામે આવેલ ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની ઉપસ્થિતીમાં વિશાળ મહિલા સંમેલન યોજાશે. ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસના કાર્યક્રમ અંતર્ગત યોજાનાર આ મહિલા સંમેલનની તૈયારીના ભાગરૂપે પાલનપુર ખાતે બનાસકાંઠા કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેકઠ યોજાઈ હતી. આ બેઠકમાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંગે કરવાની થતી કામગીરી અંગે કલેકટરશ્રી દિલીપ રાણાએ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી હતી.

કલેકટરશ્રીએ કહ્યુ કે મિશન મંગલમ યોજનામાં ૧૦૦ ટકા સ્વસહાય જુથોની રચના કરવી, સુરક્ષા સેતુ અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવી, આંગણવાડીની તમામ સખી સહેલીઓને તાલીમ આપવી, કિશોરીઓ અને સગર્ભા બહેનોને આર્યનની ગોળીઓ અને પુરક પોષણ આપવુ, ઈ-મમતાના



એનરોલમેન્ટ અને ડેટાએન્ટ્રી કરાવવી, ૧૦૦ ટકા આંગણવાડીઓના મકાનમાં વીજળીકરણ કારવવું અને ખુટતી વસ્તુ નંખાવવી, જિલ્લાના ૨૩૦૦ જેટલાં અતિકુપોષિત બાળકોને પુરક પોષણ આપવા અંબાજી મંદિરમાંથી ટોપરા પાક બનાવી બાળકોને વિતરણ કરવાની યોજના અમલી બનાવવી તથા આ બાળકોનું મેડીકલ ચેકઅપ થાય અને તેમને જરૂરીયાત -માણે સારવાર આપવામાં આવે, આ ઉપરાંત ગરીબી રેખા નીચે જીવતા દરેક કુંટુંબને મુખ્યમંત્રીશ્રી અમૃત્તમ (મા) યોજનાના કાર્ડ આપવા વગેરે કામગીરી વધુ તેજ ગતિથી કરવા તેમણે જણાવ્યું હતુ.

કલેકટરશ્રીએ સ્વચ્છતા ઉપર ભાર મુકતાં જણાવ્યું હતુ કે નિર્મળ ભારત બનાવવા વ્યક્તિગત શૌચાલયો બનવવા જરૂરી છે. શાળાઓમાં સ્વચ્છતા જાળવવી અને લીકવીડ અને ઘન કચરાના નિકાલની વ્યવવસ્થા કરવી, વિધવા સહાય અને વારસાઈનું કામ ઝડપથી પુરુ કરવા જણાવ્યું હતુ. આગામી સમયમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને આપવામાં આવતી લાભની કીટ અને સહાયની તમામ વિગતો તૈયાર રાખવા કલેકટરશ્રીએ અધિકારીઓને સુચના આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. પટેલે પણ જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ.

બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી ડી.એ. શાહ, નાયબ કલેકટરશ્રી આર.આઈ.શેખ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓની જાતીય સતામણી અને શોષણ અટકાવવા ફરીયાદ સમિતિની રચના

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લા આઈ.સી.ડી.એસ.ના -ોગ્રામ ઓફિસર શ્રીમતિ આરતીબેન દવેએ જણાવ્યું છે કે બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓની જાતીય સતામણી અને જાતીય શોષણ અટકાવવા સ્થાનિક ફરીયાદ સમિતિની રચના કરવામાં આવી છે. સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના તા.૧૨/૮/૧૩ અને ગુહ વિભાગના તા.૧૦/૨/૨૦૧૪ના પરિપત્ર -માણે કામકાજના સ્થળે મહિલાઓ સાથે થતી જાતીય સતામણી અને શોષણ અટકાવવા આ સમિતિની રચના કરાઈ છે. ફરીયાદ હોય તો સમિતિને લેખિતમાં અરજી કરી શકાશે.

# ભિલોડા આર. જી. બારોટ એમ. એસ. ડબલ્યું. કોલેજમાં પ્રવેશોત્સવ અને સેતુ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૨

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એમ. એસ. ડબલ્યું. કોલેજ સેમેસ્ટર-૧ માં નવિન પ્રવેશ મેળવનારા



તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ અને સેતુ કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો. અરવલ્લી જીલ્લા કલેક્ટર બી.જે.ભટ્ટ, ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, ભિલોડા આર. જી. બારોટ એમ.એસ.ડબલ્યું. કોલેજ આચાર્ય કું.મિત્તલબેન બરંડા, સ્ટાફ પરીવાર, તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જીલ્લા કલેક્ટર બી. જે. ભટ્ટે તાલીમાર્થીઓને આગળ વધવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપી આશીર્વચન પાઠવ્યા હતા. ભિલોડા આર. જી. બારોટ એમ. એસ.ડબલ્યું. કોલેજ સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવનારા તાલીમાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી ગોળ-ધાણા ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું. ભિલોડા આર.જી.બારોટ, એમ.એસ.ડબલ્યું. કોલેજના તાલીમાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા આર.જી.બારોટ, એમ.એસ. ડબલ્યું. કોલેજ આચાર્ય કું.મિત્તલબેન બરંડા અને સ્ટાફ પરીવાર ધ્વારા પ્રવેશોત્સવ અને સેતુ કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ હતું.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની ભેંસદરી પ્રાથમીક શાળામાં ગુરૂવંદન કાર્યક્રમ યોજાયો હતો.ભારત વિકાસ પરીષદ ધ્વારા ગુરૂવંદન-છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા ભારત વિકાસ પરીષદ પ્રમુખ મુકેશભાઈ પંચાલ,રામઅવતાર શર્મા,વાસુદેવભાઈ પટેલ,કનુભાઈ પટેલ,ભેંસદરી પ્રાથમીક શાળા આચાર્ય,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.ભારતીય જીવનના આધ્યાત્મિક અને નૈતિક મુલ્યોના જતન કરવાની નેમ સાથે ગુરૂવંદન-છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં સી.આર.સી.કો.ઓ.ગુણવંતભાઈ પંચાલ તેમજ સ્ટાફ પરીવારે જહેમત ઉઠાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧